Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# શ્રીમદ્ ભાગવતપુરાણમાં વર્ણવેલ નદીઓ

ડૉ. રઘુભાઇ કે. પટેલ
સંસ્કૃત વિભાગ, ધી.કે.એન.એસ.બી.એલ.આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેરાલુ. તા.ખેરાલુ. જિમહેસાણા. મો.૯૯૦૯૨૯૧૪૯૪

**સારાંશ**

*પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં વેદો અને પૌરાણિક ગ્રંથોનું વિશેષ મહત્વ છે. વૈદિક સાહિત્યની તુલનાએ પૌરાણિક ગ્રંથોમાં નદીઓનો સંક્ષિપ્ત ઉલ્લેખ થયેલો છે. પ્રસ્તુત લેખમાં ભારતની પ્રાચીન કાળની નદીઓના નામાભિધાન, ઉદભવસ્થાન, અને વર્તમાન પરિસ્થિતિનું વર્ણન આપેલું છે. પૌરાણિક ગ્રંથોમાં સર્વોચ્ચ સ્થાન પામેલ શ્રીમદ્ ભાગવદ્પુરાણમાં ગંગા, ચેનાબ, કાલીન્દી, કૃષ્ણા, કાવેરી, ગોદાવરી, તાપી, સિંધુ, નર્મદા, ભીમા, મહા, યમુના, ઝેલમ, સતલજ, બિયાસ વગેરે પ્રસિદ્ધ નદીઓ ઉપરાંત બીજી નદીઓનો પણ ઉલ્લેખ થયેલો છે. આ અભ્યાસલેખમાં શ્રીઅલી, શ્રીકાણે, ડૉ.અગ્નિહોત્રી, શ્રીઅવસ્થી, હંટર, શ્રીકાંતાવાલા, ડૉ.સ્પાઇન, ડૉ.ઉપાધ્યાય, શ્રીડી.સી.સરકાર,બલદેવ ઉપાધ્યાય વગેરે વિવેચકોના મતો રજૂ કરેલા છે.*

**ચાવીરૂપ શબ્દો**

*વૈદિક સાહિત્ય, ભાગવત પુરાણ, હેમકૂટ પર્વત, સ્કેસિનિજ, અરુણોદા, અવટોદા, નદી, ભદ્રાશ્વ, અલકનંદા, મહાબળેશ્વર, બંગાળની ખાડી, હિમાલય, મલયધ્વજ, ચંબલ પર્વત, તુંગભદ્રા, કુરુક્ષેત્ર, અલકાનગરી, ચિત્રકૂટ, વામન પુરાણ, મહાભારત, રામાયણ, ભારતવર્ષ, ધર્મશાસ્ત્ર.*

ઋગ્વેદ કાળથી જ આપણને ભૌગોલિક બાબતો વિશે માહિતી પ્રાપ્ત થાય છે. વૈદિક સાહિત્યમાં પ્રાચીન કાલીન પ્રદેશો, પર્વતો, નદીઓ, લોકજીવન વગેરેનું વર્ણન પ્રાપ્ત થાય છે. ઋગ્વેદમાં જે નદીઓ કે પર્વતો વગેરેનું વર્ણન છે, તે પૌરાણિક દૃષ્ટિએ અલ્પ પ્રમાણમાં છે. ભાગવતપુરાણમાં ઘણી બધી નદીઓનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, જેનો અહીં વિસ્તારપૂર્વક પરિચય આપવામાં આવ્યો છે.

[૧]અલકનંદા:- ભાગવતપુરાણના મતે આ ગંગાની એક ધારા છે. તેની સ્થિતિ કૈલાસ પર્વત ઉપર છે. આ નદી અલકાનગરીની પાસેથી વહે છે.[૧] આ નદી બ્રહ્મસદનની દક્ષિણ બાજુથી નીકળીને હેમકૂટ પર્વત પર જાય છે. ત્યાંથી હિમાલયના શિખરોને પસાર કરતી ભારતમાં વહે છે.[૨]

[૨]અસિન્કી[3]:-શ્રી દીક્ષિતર[૪]ના મતે આ અસિકની નદી છે. શ્રી બલદેવ ઉપાધ્યાય[૫]ના મતે કાળી હોવાથી તેનું નામ અસિકની પડ્યું હતું. આનું હાલનું નામ ચંદ્રભાગા કે ચેનાબ છે. ગ્રીક લોકો વર્ણ વિપર્યાસ કરીને તેને સ્કેસિનીજના રૂપે જાણે છે.

[૩]અરુણોદા:-આ નદી મંદરાચલ પર્વતમાંથી નીકળે છે. અને ઇલાવૃત્તના પૂર્વના પ્રદેશને સિંચાઇ પૂરી પાડે છે.[૬] મત્સ્યપુરાણના મતે આ એક સરોવર કે વનનું નામ છે.[૭] શ્રીઅલી[૮]ના મતાનુસાર આ કરકુલ સરોવર છે, જે પામીરના ઉત્તર-પશ્ચિમ પ્રાંતમાં કિજિલસુના ઉદગમસ્થાનની પાસે છે.

[૪]અવટોદા:-ભાગવતપુરાણ[૯]માં આના નામનો ઉલ્લેખ મળે છે. આની સ્થિતિ વિશે કોઇ ઉલ્લેખ મળતો નથી.

[૫]અન્ધ[૧૦]:-શ્રીકાણે[૧૧]ના મતે આ ચાંદન કે અંધેલી નદી છે, જે ભાગલપુરમાં ગંગા નદીને મળે છે.

[૬]ઇક્ષુમતી:-આ નદીનું પણ માત્ર નામ જ મળે છે.[૧૨] ડૉ. અગ્નિહોત્રીના મતાનુસાર આ ફર્રુખાબાદની પાસેથી વહેતી અત્યારની ઇખન નામની નદી છે. આનું જ બીજું નામ કાલી કે કાલીન્દી છે.[૧૩] ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ ઇખનને જ ઇક્ષુમતી માને છે.[૧૪]

[૭]કૃતમાલા[૧૫]:-આ એક દ્રવિડ દેશની પવિત્ર નદી છે.[૧૬] આ જ નદીમાં રાજા સત્યવ્રતને મત્સ્યાવતારના દર્શન થયા હતા.[૧૭]તીર્થયાત્રા કરતી વખતે બલરામે તેમાં સ્નાન કર્યું હતું.[૧૮] આ અત્યારની વૈગઇ નદી છે.[૧૯] આ નદી મદુરાની પાસેથી વહે છે.[૨૦]

[૮]ઋષિકુલ્યા[૨૧]:-આ નદી પોતાના આ નામથી બેરહામપુરની પાસે બંગાળની ખાડીમાં ભળી જાય છે.[૨૨]

[૯]કૌશિકી:-શમીક ઋષિનો આશ્રમ આ નદીના કિનારા પર આવેલો હતો.[૨૩] ગાધિ ઋષિની પુત્રી જ પાછળથી કૌશિકી નદી બની ગઇ હતી.[૨૪] શ્રી કાણેના મતે આ હિમાલયમાંથી નીકળતી આધુનિક કૌશિકી નદી છે.[૨૫] આ

નદી નેપાળમાંથી નીકળીને પટના પાસે ગંગામાં ભળી જાય છે.[૨૬]

[૧૦]ગંગા:-તેની ઉત્પત્તિ પુરાણગ્રંથોમાં વિષ્ણુના ચરણોમાંથી થયેલી મનાય છે.[૨૭] તેની ચાર ધારાઓ બતાવેલી છે- [૧]સીતા-આ બ્રહ્મસદનમાંથી નીકળીને કેસરાચલના શિખર પર થઇને વહેતી ભદ્રાશ્વ પ્રદેશને સીંચે છે.[૨૮] શ્રી અલીના મતે આ કિજિલ્સુ છે.[૨૯] [૨]ચક્ષુ- આ માલ્યવાનના શિખર પર પહોંચીને કેતુમાલ પ્રદેશમાં વહેતી પશ્ચિમમાં ક્ષાર સમુદ્રને મળે છે.[30] [૩]ભદ્રા-આ મેરુ પર્વતની ઉત્તર દિશામાંથી નીકળે છે. ત્યાંથી શૃંગવાનના શિખર પરથી ઉત્તરકુરુના પ્રદેશમાંથી નીકળીને સમુદ્રમાં ભળી જાય છે.[૩૧] [૪]અલકનંદા- ભારતવર્ષની પૂર્વ વર્ણિત નદી છે.

[૧૧]કૃષ્ણા[૩૨]:-આ મહાબળેશ્વરમાં સહ્ય પર્વતમાંથી નીકળનારી નદી છે. તેને મોટે ભાગે કૃષ્ણવેણા પણ કહેવામાં આવે છે.[૩૩] આ મહારાષ્ટ્ર, હૈદરાબાદ અને મદ્રાસમાંથી નીકળીને બંગાળની ખાડીને મળે છે.[૩૪]

[૧૨]કાવેરી[૩૫]:-આ પણ દ્રવિડ દેશની એક પવિત્ર નદી છે.[૩૬] તેની સ્થિતિ સહ્ય પર્વતની તળેટીમાં બતાવેલી છે.[૩૭] વામનપુરાણના મતે આ સહ્ય પર્વતમાંથી નીકળે છે. આ અત્યારની કાવેરી નદી જ છે, જે પશ્ચિમ ઘાટમાંથી નીકળીને દક્ષિણ-પૂર્વ દિશામાં મૈસૂર પાસેથી નીકળીને બંગાળની ખાડીમાં ભળી જાય છે.[૩૮]

[૧૩]ગોમતી[૩૯]:-બલરામ તીર્થયાત્રા કરતી વખતે આ નદી પર ગયા હતા.[૪૦] શ્રી કાણે[૪૧]ના મતે આ બે નદીઓ છે: [૧]આ આધુનિક ગોમલ નદી છે, જે સિંધુની સહાયક નદી છે. અને [૨]આ હિમાલયમાંથી નીકળીને વારાણસી પાસે ગંગાને મળનારી નદી છે.

[૧૪]ગોદાવરી:-આ ભારતવર્ષની પવિત્ર નદી છે.[૪૨] આ સહ્ય પર્વતમાંથી નીકળે છે. પુરાણોમાં તેને દક્ષિણ પ્રદેશની મોટી નદી ગણાવી છે. આ નદી નાસિકથી વીસ માઇલ દૂર ત્ર્યંબક નામના ગામ પાસેથી નીકળે છે.[૪૩]

[૧૫]ગંડવી:- બલરામ તીર્થયાત્રા કરતી વખતે આ નદી પર ગયા હતા.[૪૪] આ નદી હિમાલયમાંથી નીકળીને બિહારમાં સોનપુર પાસે ગંગામાં ભળી જાય છે.[૪૫] આ નામની એક બીજી નદી નેપાળ કે ગોરખપુરમાં પણ વહે છે.[૪૬]

[૧૬]ચંદ્રમસા[૪૭]:-ભાગવતપુરાણના મતે આ કુલાચલ અર્થાત્ મલયપર્વત પર વહેતી નદી છે. મલયધ્વજ અહીં જ તપશ્ચર્યા કરવા ગયા હતા. અન્ય પાઠભેદમાં તેનું નામ ચંદ્રવસા પણ જોવા મળે છે.[૪૮] આ નદી પશ્ચિમ સાગરમાં ભળી જાય છે.[૪૯]

[૧૭]ચક્ર:- ભાગવતપુરાણના મતે આ પુલહાશ્રમની નજીક વહેતી નદી છે. ગીતાપ્રેસની ટીકા પ્રમાણે આ ગંડકી નદી છે.[૫૦] બલરામની તીર્થયાત્રા પ્રસંગે આ નદીનો ઉલ્લેખ થયેલો છે.[૫૧]

[૧૮]ચર્મણ્વતી[૫૨]:-પુરાણોના સંદર્ભ પ્રમાણે આ નદી પારિયાત્ર પર્વતમાંથી નીકળે છે.[૫૩] જે હાલનો ચંબલ પર્વત છે.[૫૪] આ નદી અરાવલીની પર્વતમાળામાંથી નીકળીને યમુના નદી સાથે ભળી જાય છે.[૫૫]

[૧૯]ચંદ્રભાગા[૫૬]:-આ હાલની ચિનાવ નદી છે.[૫૭] શ્રી કાણેના મતે હિમાલયમાંથી બે ધારાઓ નીકળે છે- ચંદ્રા અને ભાગા. બંનેનો સંગમ થવાથી સંયુક્ત નામ ચંદ્રભાગા કે ચિનાવ પડેલ છે.[૫૮]

[૨૦]જમ્બૂ નદી:- ભાગવતપુરાણના મતે આ નદી મેરુમંદર પર્વતમાંથી નીકળે છે.[૫૯] શ્રી કાણેના મતે આ મેરુમંદર પરના ચંદ્રપ્રભ નામના સરોવરમાંથી નીકળે છે.[૬૦] શ્રી અવસ્થીના મતે આ આબૂ પર્વતની જમ્બૂ નદી છે.[૬૧]

[૨૧]તુંગભદ્રા[૬૨]:-શ્રી કાણેના મતે તુંગ અને ભદ્રા એ બે મોટી નદીઓ મૈસૂર દેશમાંથી નીકળીને કુંડલી પાસે મળીને તુંગભદ્રા બની જાય છે.[૬૩] આ નદી કુરનૂલ જિલ્લાના ઉત્તર તરફ કૃષ્ણા નદી સાથે ભળી જાય છે.[૬૪]

[૨૨]તાપી[૬૫]:-વામન પુરાણની દૃષ્ટિએ આ નદી શુક્તિમાન્ પર્વતમાંથી નીકળે છે.[૬૬] બ્રહ્મપુરાણ અનુસાર આ નદી ઋક્ષ પર્વતમાંથી નીકળે છે.શ્રી કાણેના મતે આ વિંધ્ય પર્વતમાંથી નીકળીને અરબ સાગરને મળે છે.[૬૭]

[૨૩]તામ્રપર્ણી[૬૮]:-આ નદી દ્રવિડ દેશની પવિત્ર નદી ગણાય છે.[૬૯] આ જ પ્રદેશમાં ચંદ્રમસા નદી પણ વહે છે.[૭૦] તીર્થયાત્રા વખતે સેતુબંધથી પાછા ફરતી વખતે બલરામ આ નદી પાસે આવ્યા હતા.[૭૧] આ નદીનું હાલનું નામ તામ્રપર્ણી જ છે.[૭૨] તેનું જ બીજું નામ શિદારુ પણ છે.[૭૩]

[૨૪]નિર્વિંધ્યા[૭૪]:-આ નદી ઋક્ષ પર્વતમાંથી નીકળે છે. અત્રિ મુનિનો આશ્રમ આ નદીના કિનારે આવેલો હતો.[૭૫] આ આધુનિક સમયની નેવજ નદી છે. જે બેતવા અને

કાલી સિન્ધના મધ્યભાગેથી વહેતી ચંબલમાં ભળી જાય છે.[૭૬]

[૨૫]નર્મદા[૭૭]:-ભાગવતપુરાણના મતે પ્રાચીન યુગમાં આ નદી પર દેવાસુર સંગ્રામ થયો હતો.[૭૮] આ નદીના કાંઠે ભૃગુકચ્છ નામનું સ્થળ છે, જ્યાં બલિએ યજ્ઞ કર્યો હતો. તેમ જ ભગવાને વામન અવતાર ધારણ કર્યો હતો.[૭૯]

[૨૬]દૃષદ્વતી[૮૦]:-આ નદીની આજ સુધી ઓળખાણ થઇ શકી નથી. કનિંઘમ આ નદીને થાનેશ્વરની દક્ષિણમાં વહેતી રાક્ષી નદી માને છે. જો કે આ મત અત્યારે શંકાસ્પદ છે.[૮૧] વામનપુરાણના મતે કુરુક્ષેત્રનો પ્રદેશ દૃશદ્વતી અને સરસ્વતી એ બે નદીઓ વચ્ચે હતો. વામન પુરાણ અનુસાર આ નદીનું પ્રાચીન નામ રત્નાવતી હતું.[૮૨]

[૨૭]નંદા:-મત્સ્ય પુરાણ અનુસાર આ નદી અલકાનગરીની પાસેના સૌગંધિક વનપ્રદેશમાં વહેતી નદી છે.[૮૩] આ નદી કૈલાશ પર્વત ઉપરથી નીકળે છે.[૮૪] અન્ય સ્થળે તેને શાલ્મલી દ્વીપની નદી કહેલ છે.[૮૫] આ એક પવિત્ર નદી છે.[૮૬] નંદા નદીનું સ્મરણમાત્ર પાપોથી મુક્ત કરાવનારું છે.[૮૭]

[૨૮]પુષ્પભદ્રા:-મત્સ્ય પુરાણના મતે આ નદી હિમાલયની ઉત્તરે વહે છે. તેની પાસે માર્કંડેય ઋષિનો આશ્રમ હતો. તેની પાસે ચિત્રા નામની પર્વતમાળા આવેલી છે.[૮૮] આ નદીનું બીજું નામ પુષ્પવહા છે.[૮૯]

[૨૯]પયસ્વિની[૯૦]:-આ નદી દ્રવિડ પ્રદેશની છે. આ નદીના કાંઠે રહેનારા લોકો ભગવાન વાસુદેવના ભક્ત કહેવાય છે.[૯૧]

[૩૦]પયોષ્ણી[૯૨]:-આ નદી ઋક્ષ પર્વતમાંથી નીકળે છે. હંટરના મતે આ બરાની પૂર્ણા નદી છે. જે ગાવિલગઢના પહાડીપ્રદેશમાંથી નીકળીને તાપીમાં ભળી જાય છે.[૯૩] બલરામ તીર્થયાત્રા માટે અહીં પણ આવ્યા હતા.[૯૪] શ્રીકાન્તાવાલા[૯૫]ના મતે આ યમુનાની એક સહાયક નદી પૈસુની છે.

[૩૧]પ્રતીચી:-આ દ્રવિડ પ્રદેશમાં વહેતી એક નદી છે.[૯૬]

[૩૨]ભીમરથી[૯૭]:-આ દક્ષિણ ભારતની નદી છે. બલરામ તીર્થયાત્રા કરતી વખતે અહીં પણ આવ્યા હતા.[૯૮] આ નદીનું હાલનું નામ ભીમા છે.[૯૯] આ નદી કૃષ્ણા નદીની સહાયક નદી છે.[૧૦૦]

[૩૩]મરુદવૃધા[૧૦૧]:-નિરુક્તમાં તેને ઋગ્વેદ[૧૦૨]માં બતાવેલી બધી નદીઓની ઉપાધી બતાવેલ છે. અર્થાત્ જેને મરુતો કે વાયુ દ્વારા વાવાઝોડા સાથે લાવવામાં આવી હશે.[૧૦૩] ડૉ.સ્ટાઇનના મતે તેનું હાલનું નામ મરુવર્દવાન છે. આ ચેનાવની એક પશ્ચિમ પ્રદેશની સહાયક નદી છે.[૧૦૪]

[૩૪]મંદાકિની[૧૦૫]:-ભાગવતપુરાણમાં આ નદીને સ્વર્ગના નામે ઓળખાવેલી છે.[૧૦૬] શ્રી કાણે[૧૦૭]ના મતે આ નદી ચિત્રકૂટની પાસેના ઋક્ષ પર્વતમાંથી નીકળે છે. શ્રી દવે[૧૦૮]ના મતાનુસાર આ નદી ગઢવાલ જિલ્લાના કેદાર પર્વતમાંથી નીકળે છે.

[૩૫]મહાનદી[૧૦૯]:-આ પણ એક દ્રવિડ દેશની નદી છે.[૧૧૦] શ્રી કાણે[૧૧૧]ના મતે આ નદી વિંધ્યમાંથી નીકળીને ઓરિસ્સાના કટક પાસેથી વહેતી બંગાળની ખાડીમાં ભળી જાય છે.

[૩૬]યમુના[૧૧૨]:-આ મથુરા પાસેથી વહેતી ભારતની એક પ્રસિદ્ધ નદી છે. [૧૧૩]તેનું જ બીજું નામ કાલીન્દી છે.[૧૧૪]

[૩૭]રેવા[૧૧૫]:-આ નદી ઋક્ષવાન્ પર્વતમાંથી નીકળે છે.[૧૧૬] તેનું બીજું નામ નર્મદા[૧૧૭] કે સુરસા છે.[૧૧૮] ડૉ.ઉપાધ્યાયના મતે મંદાકિની કે ગૌતમી પણ આ નદીનાં જ નામ છે. આ નદી અમરકંટક પર્વતમાંથી નીકળીને ખંભાતની ખાડીમાં ભળી જાય છે.[૧૧૯]

[૩૮]રોધસ્વતી[૧૨૦]:-ભાગવતપુરાણમાં આ નદીનો ઉલ્લેખ કરેલો છે.

[૩૯]વેણી[૧૨૧]:-આ નદી કૃષ્ણા નદીની એક સહાયક નદી છે, જે સહ્યવાદમાંથી નીકળે છે. કૃષ્ણા તથા વેણી બંનેનો સંગમ થતાં કૃષ્ણવેણી નામથી ઓળખાય છે.[૧૨૨]

[૪૦]વિતસ્તા[૧૨૩]:-આ નદી હિમાલયમાંથી નીકળે છે. તેનું આધુનિક નામ ઝેલમ છે.[૧૨૪] કાશ્મીરમાં આજે પણ આ નદી વેધ નામે પ્રસિદ્ધ છે. આથી જ તેના પ્રાચીન નામની સ્મૃતિ આજે પણ વિદ્યમાન્ છે.૧૨૫

[૪૧]વેદસ્મૃતિ[૧૨૬]:-આ નદી માળવામાં વહેતી બોસુલી નદી છે.[૧૨૭] વામન પુરાણ અનુસાર આ નદી પરિયાત્ર પર્વતમાંથી નીકળે છે.[૧૨૮]

[૪૨]વટોદકા:-આ નદીનો ઉલ્લેખ પણ ચંદ્રમસા નદી સાથે થયેલો છે.[૧૨૯] શ્રીલાના મતે આ એક ગામનું નામ છે, જે અત્યારે ભીલસા જિલ્લામાં આવેલું છે.[૧૩૦] ભાગવત પુરાણ અનુસાર આ પાંડ્ય દેશની નદી છે.[૧૩૧]

[૪૩]વેણ્યા[૧૩૨]:-આ નદી સહ્ય પર્વતમાંથી નીકળે છે. અને કૃષ્ણા નદી સાથે ભળી જાય છે.[૧૩૩]

[૪૪]વિશ્વા[૧૩૪]:-ભાગવત પુરાણમાં ફક્ત તેના નામનો જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

[૪૫]વૈહાયસી[૧૩૫]:-મહાભારતમાં વૈહાયસ નામે એક કુંડનું વર્ણન છે, જે નરનારાયણ આશ્રમ પાસે આવેલો હતો.[૧૩૬] સંભવ છે કે વૈહાયસી નદી તેમાંથી નીકળતી નાની નદી હોઇ શકે.

[૪૬]સરયૂ[૧૩૭]:-આ નદીનો ઉલ્લેખ પણ ભાગવત પુરાણમાં કરેલો છે. જે અયોધ્યા પાસેથી વહે છે.[૧૩૮]

[૪૭]સુષોમા[૧૩૯]:-આ અટક જિલ્લામાં વહેતી સોહન નદી છે.[૧૪૦] શ્રી ડી.સી.સરકારના મતે તેનું બીજું નામ સુબાન છે. આ નદી રાવલપિંડીની પાસેથી વહેતી મોખદ પાસે સિંધમાં ભળી જાય છે.[૧૪૧]

[૪૮]સુનંદા:-ભગવાન્ મનુએ પોતે જ આ નદીના કાંઠે તપ કર્યું હતું.[૧૪૨]

[૪૯]સત્તવર્તી[૧૪૩]:-આ બ્રહ્માવર્ત પ્રદેશમાં પૂર્વ તરફ વહેતી નદી છે.[૧૪૪] તેના કિનારે ઘણા યજ્ઞો કરવામાં આવ્યા હતા.[૧૪૫] આ નદી હિમાલયની સિરમૂર પર્વતમાળામાંથી નીકળીને રાજપૂતાનાની ઉત્તરે રણપ્રદેશમાં લુપ્ત થઇ જાય છે.[૧૪૬] મહાભારતમાં તેને વિનશન કહેલ છે.[૧૪૭] બલદેવ ઉપાધ્યાય[૧૪૮]ના મતે પટિયાલા રિયાસતની સુરુસતી નામની નાની નદી છે.

[૫૦]સિંધુ[૧૪૯]:-આ આધુનિક સિંધુ નદી છે. તેને પશ્ચિમ દિશામાં વહેતી બતાવી છે.[૧૫૦]તેને કાશ્મીરમાં વહેતી નદી પણ કહેલી છે,[૧૫૧] જે હિમાલયમાંથી નીકળે છે.

[૫૧]શોણ[૧૫૨]:-વામન પુરાણના મતે આ નદી ઋક્ષ પર્વતમાંથી નીકળે છે.[૧૫૩] શ્રીકાણેના મતે તેનું જ નામ હિરણ્યવાહ છે.૧૫૪ તેનું આધુનિક નામ પણ શોણ નદી જ છે. જે અમરકંટક પર્વતમાંથી નીકળી પટના પાસે ગંગામાં ભળી જાય છે.

[૫૨]શતદ્રુ[૧૫૫]:-તેને શતુદ્રિ પણ કહેલ છે.[૧૫૬] રામાયણમાં તે શતદ્રુ નામથી પ્રસિદ્ધ છે.[૧૫૭] તેનું આધુનિક નામ સતલજ છે.[૧૫૮] તેનું ઉત્પત્તિસ્થાન માનસરોવર છે.[૧૫૯]

[૫૩]વિપાશા:-તીર્થયાત્રા કરતી વખતે બલરામ પુલહાશ્રમ પછી અહીં આવ્યા હતા.[૧૬૦] શ્રી બલદેવ ઉપાધ્યાયના મતે આ વર્તમાન બિયાસ નદી છે.[૧૬૧] તે હિમાલયમાંથી નીકળીને સતલજ નદી સાથે ભળી જાય છે.[૧૬૨]

[૫૪]ત્રિસામા[૧૬૩]:-પુરાણ અનુસાર ત્રિસામા શુક્તિમાન્ પર્વતમાંથી નીકળે છે.[૧૬૪]

[૫૫]શર્કરાવતી[૧૬૫]:-ભારતની નદીઓની યાદીમાં તેના નામમાત્રનો સમાવેશ થાય છે.

આમ, ભાગવત પુરાણમાં પ્રાચીન આર્યાવર્ત પ્રદેશની વિવિધ નદીઓનું વર્ણન પ્રાપ્ત થાય છે. જેમાંની કેટલીક નદીઓનાં નામ ખૂબ જ પ્રાચીન છે. તો વળી કેટલીક નદીઓના નામ અત્યારે બદલાઇ ગયેલા છે. જ્યારે અમુક નદીઓનાં નામ તો પ્રાચીન કાળથી માંડીને આજ સુધી પણ યથાવત્ સ્વરૂપે જોવા મળે છે. આમ, આ બધી નદીઓ પ્રાચીન કાળથી જ ભારતની ભૂમિને પાવન કરી રહી છે. ભારતના ભવ્ય અને સમૃદ્ધ વારસાને જાળવી રાખવામાં નદીઓનું વિશેષ યોગદાન રહેલું છે. આથી જ નદીઓને લોકમાતા સાથે સરખાવવામાં આવી છે, એ ખરેખર યોગ્ય છે.

સંદર્ભ :-


[૧] ભાગવત પુરાણ, ૪.૬.૨૪

[૨] ભાગવત પુરાણ, ૫.૧૭.૫-૮

[૩] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮

[૪] પુરાણ ઇન્ડેક્ષ, પ્રથમ ભાગ, પૃ.૧૩૫

[૫] વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ, પૃ. ૪૬૬

[૬] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૪૦૨

[૭] કલ્ચરલ હિસ્ટ્રી ફ્રોમ મત્સ્ય પુરાણ, પૃ.૩૦૪

[૮] દી જ્યોગ્રાફી ઓફ દી પુરાણ, પૃ.૧૦૧

[૯] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮

[૧૦] એજન

[૧૧] ભાગવત પુરાણ, ૫.૧૬.૧૭

[૧૨] ભાગવત પુરાણ, ૫.૧૦.૧

[૧૩] પતંજલિકાલીન ભારત, પૃ.૮૭

[૧૪] પાણિનિકાલીન ભારતવર્ષ, પૃ.૫૫

[૧૫] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮

[૧૬] ભાગવત પુરાણ, ૧૧.૫.૩૯

[૧૭] ભાગવત પુરાણ, ૮.૨૪.૧૨

[૧૮] ભાગવત પુરાણ, ૧૦.૭૯.૧૬

[૧૯] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૨૩

[૨૦] હિસ્ટોરિકલ જ્યોગ્રાફિ ઓફ એન્સિયન્ટ ઇન્ડિયા, પૃ.૧૬૮

[૨૧] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮

[૨૨] કલ્ચરલ હિસ્ટ્રી ફ્રોમ મત્સ્ય પુરાણ, પૃ.૩૭૯

[૨૩] ભાગવત પુરાણ, ૧.૧૮.૩૬

[૨૪] ભાગવત પુરાણ, ૯.૧૫.૧૧

[૨૫] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૨૬
[૨૬] કલ્ચરલ હિસ્ટ્રી ફ્રોમ મત્સ્ય પુરાણ, પૃ.૩૪૩-૩૪૪
[૨૭] ભાગવત પુરાણ, ૩.૨૮.૨૨;૫.૧૭.૧
[૨૮] ભાગવત પુરાણ, ૫.૧૭.૬
[૨૯] દી જ્યોગ્રાફી ઓફ દી પુરાણ, પૃ.૧૦૧
[૩૦] ભાગવત પુરાણ, ૫.૧૭.૭
[૩૧] ભાગવત પુરાણ, ૫.૧૭.૮
[૩૨] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮
[૩૩] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૨૪
[૩૪] રિવર્સ ઇન દી વામન પુરાણ: એસ.કે.દવે પુરાણ બુલેટિન ૧૨[૧], પૃ.૪૦
[૩૫] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮
[૩૬] ભાગવત પુરાણ, ૧૧.૫.૪૦
[૩૭] ભાગવત પુરાણ, ૭.૧૩.૧૨
[૩૮] રિવર્સ ઇન દી વામન પુરાણ: એસ.કે.દવે પુરાણ બુલેટિન ૧૨[૧], પૃ.૩૯-૪૦
[૩૯] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮
[૪૦] ભાગવત પુરાણ, ૧૦.૧૯.૧૧
[૪૧] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૩૧
[૪૨] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮
[૪૩] રિવર્સ ઇન દી વામન પુરાણ: એસ.કે.દવે પુરાણ બુલેટિન ૧૨[૧], પૃ.૩૮
[૪૪] ભાગવત પુરાણ,૧૦.૭૯.૧૧
[૪૫] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૨૮-૨૯
[૪૬] કોસ્મોગ્રાફી એન્ડ જ્યોગ્રાફી ઇન અર્લી લિટરેચર, પૃ.૮૪
[૪૭] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮
[૪૮] ભાગવત પુરાણ, ૪.૨૮.૩૫
[૪૯] પુરાણ ઇન્ડેક્ષ, ખંડ-૨, પૃ.૫૮૫
[૫૦] ભાગવત પુરાણ, ૫.૭.૧૦
[૫૧] ભાગવત પુરાણ, ૧૦.૭.૧૯
[૫૨] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮
[૫૩] પુરાણ ઇન્ડેક્ષ, ખંડ-૨, પૃ.૫૯૨
[૫૪] રિવર્સ ઇન એન્સિયન્ટ ઇન્ડિયા – બી.સી.લા, પૃ.૩૩૮
[૫૫] પુરાણ બુલેટિન ૧૨[૧], ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૩૪
[૫૬] ભાગવત પુરાણ, ૫.૧૯.૧૮
[૫૭] કલ્ચરલ હિસ્ટ્રી ફ્રોમ મત્સ્ય પુરાણ, પૃ. ૩૧૫
[૫૮] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૩૩
[૫૯] ભાગવત પુરાણ ૫.૧૬.૧૯
[૬૦] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૩૬
[૬૧] સ્ટડીજ ઇન સ્કંદ પુરાણ, પૃ.૧૬૧
[૬૨] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૬૩] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૩૯
[૬૪] કલ્ચરલ હિસ્ટ્રી ફ્રોમ મત્સ્ય પુરાણ, પૃ. ૩૯૮
[૬૫] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૬૬] પુરાણ બુલેટિન [૧૨]૧, પૃ.૪૫
[૬૭] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૩૮
[૬૮] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૬૯] ભાગવત પુરાણ ૧૧.૫.૧૯
[૭૦] ભાગવત પુરાણ ૪.૨૮.૩૫
[૭૧] ભાગવત પુરાણ ૧૦.૭૯.૧૬
[૭૨] દી જ્યોગ્રાફી ઓફ દી પુરાણ, પૃ.૧૨૩
[૭૩] પુરાણ બુલેટિન ૧૨[૧], પૃ.૪૫
[૭૪] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૭૫] ભાગવત પુરાણ ૪.૧.૧૨-૧૮
[૭૬] કલ્ચરલ હિસ્ટ્રી ફ્રોમ મત્સ્ય પુરાણ, પૃ. ૩૬૮
[૭૭] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૭૮] ભાગવત પુરાણ ૬.૧૦.૧૬
[૭૯] ભાગવત પુરાણ ૮.૧૮.૨૧
[૮૦] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૮૧] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૪૩
[૮૨] પુરાણ બુલેટિન ૧૨[૧], પૃ.૩૭
[૮૩] ભાગવત પુરાણ ૪.૬.૨૪
[૮૪] ભાગવત પુરાણ ૪.૬.૨૨
[૮૫] ભાગવત પુરાણ ૫.૨૦.૧૦
[૮૬] ભાગવત પુરાણ ૭.૧૪.૩૨
[૮૭] ભાગવત પુરાણ ૭.૪.૨૩
[૮૮] ભાગવત પુરાણ ૧૨.૮.૧૭; ૧૨.૯.૧૦
[૮૯] ભાગવત પુરાણ ૧૨.૯.૩૦
[૯૦] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૯૧] ભાગવત પુરાણ ૧૧.૫.૩૯
[૯૨] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૯૩] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૫૩
[૯૪] ભાગવત પુરાણ ૧૦.૭૯.૨૦
[૯૫] કલ્ચરલ હિસ્ટ્રી ફ્રોમ મત્સ્ય પુરાણ, પૃ. ૩૭૨
[૯૬] ભાગવત પુરાણ ૧૧.૫.૪૦
[૯૭] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૯૮] ભાગવત પુરાણ ૧૦.૭૯.૧૨
[૯૯] દી જ્યોગ્રાફી ઓફ દી પુરાણ પૃ.૧૨૨
[૧૦૦] પુરાણ બુલેટિન ૧૨[૧], પૃ.૩૫
[૧૦૧] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૦૨] નિરુક્ત ૯.૨૬
[૧૦૩] ઋગ્વેદ ૧૦.૭૫.૫
[૧૦૪] વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ, પૃ.૪૬૬

[૧૦૫] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૦૬] ભાગવત પુરાણ ૧૦.૭૯.૪૪
[૧૦૭] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૬૭
[૧૦૮] પુરાણ બુલેટિન ૧૨[૧], પૃ.૪૧
[૧૦૯] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૧૦] ભાગવત પુરાણ ૧૧.૫.૪૦
[૧૧૧] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૬૮
[૧૧૨] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૧૩] ભાગવત પુરાણ ૪.૮.૪૨
[૧૧૪] ભાગવત પુરાણ ૪.૮.૪૩
[૧૧૫] કાલિદાસ કા ભારત, ભાગ-૧, પૃ.૪૪
[૧૧૬] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૫૦૦
[૧૧૭] ભાગવત પુરાણ ૯.૧૫.૨૦
[૧૧૮] સ્ટડીજ ઇન સ્કંદપુરાણ, પૃ.૧૬૨
[૧૧૯] કાલિદાસ કા ભારત, ભાગ-૧, પૃ.૪૪
[૧૨૦] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૨૧] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૨૨] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૮૬
[૧૨૩] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૨૪] પુરાણ બુલેટિન ૧૨[૧], પૃ.૪૭
[૧૨૫] વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ, પૃ.૪૬૬
[૧૨૬] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૨૭] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૮૬
[૧૨૮] પુરાણ બુલેટિન ૧૨[૧], પૃ.૪૬
[૧૨૯] ભાગવત પુરાણ ૪.૨૮.૩૫
[૧૩૦] હિસ્ટોરિકલ જ્યોગ્રાફિ ઓફ એન્સિયન્ટ ઇન્ડિયા, પૃ.૩૩૬
[૧૩૧] ભાગવત પુરાણ ૪.૨૮.૩૫
[૧૩૨] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૩૩] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩, પૃ.૧૪૮૬
[૧૩૪] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૩૫] ભાગવત પુરાણ ૫.૧૯.૧૦
[૧૩૬] મહાભારત કી નામાનુક્રમણિકા, પૃ.૧૬૪-૧૬૫
[૧૩૭] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૩૮] ભાગવત પુરાણ ૯.૮.૧૬-૧૯
[૧૩૯] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૪૦] વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ, પૃ.૪૬૬
[૧૪૧] કોસ્મોગ્રાફી એન્ડ જ્યોગ્રાફી ઇન અર્લી લિટરેચર, પૃ.૨૩
[૧૪૨] ભાગવત પુરાણ ૮.૧.૮
[૧૪૩] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૪૪] ભાગવત પુરાણ ૪.૧૯.૧
[૧૪૫] ભાગવત પુરાણ ૧.૧૬.૨૬
[૧૪૬] પતંજલિકાલીન ભારત, પૃ.૮૫
[૧૪૭] મહાભારત વન પર્વ, પૃ.૧૨૯.૨૦-૨૨
[૧૪૮] વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ, પૃ.૪૬૫
[૧૪૯] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૫૦] ભાગવત પુરાણ ૬.૫.૨-૩
[૧૫૧] ભાગવત પુરાણ ૧૨.૧.૩૯
[૧૫૨] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૫૩] પુરાણ બુલેટીન ૧૨[૧], પૃ.૪૫
[૧૫૪] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩,પૃ.૧૪૯૨
[૧૫૫] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૫૬] ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ખંડ-૩,પૃ.૧૪૮૮
[૧૫૭] વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ, પૃ.૪૬૫
[૧૫૮] મહાભારત કી નામાનુક્રમણિકા, પૃ.૩૩૩૬
[૧૫૯] પુરાણ બુલેટીન ૧૨[૧], પૃ.૪૪
[૧૬૦] ભાગવત પુરાણ ૧૦.૭૯.૧૧
[૧૬૧] વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ, પૃ.૪૬૯
[૧૬૨] કોસ્મોગ્રાફી એન્ડ જ્યોગ્રાફી ઇન અર્લી લિટરેચર, પૃ.૨૪
[૧૬૩] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮
[૧૬૪] દી જ્યોગ્રાફી ઓફ દી પુરાણ, પૃ.૧૧૨
[૧૬૫] ભાગવત પુરાણ ૫.૧૯.૧૮